અપીલ અરજી નં.૩૭૪ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અઠવાઝોનના શહેર વિકાસમાં જુનિ.ઈજનેર તરીકે ફરજ બજાવતા નયન પટેલે તેમના અહીંના કાર્યકાળમાં કરેલ કામગીરીની વર્કબુકની(માસિક ડાયરીની) નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૪/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૫–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અઠવાઝોનના શહેર વિકાસમાં જુનિ.ઈજનેર તરીકે ફરજ બજાવતા નયન પટેલે તેમના અહીંના કાર્યકાળમાં કરેલ કામગીરીની વર્કબુકની(માસિક ડાયરીની) નકલો આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી બાબતે નકલ સહ હકીકત મોકલવા તથા** રોજનીશી લખવાનું ક્ષેત્રિય કર્મચારી માટે આદેશાત્મક હોઈ તેની વિગતો પણ મોકલવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૦૭૦ તા. ૧૫–૧૧–૧૧થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.વે.ઝોન (અઠવા) /આરટીઆઈ/ આ.નં./૯૬૪ તા. ૧૯–૧૧–૧૧ પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને સેન્ટ્રલઝોન/આ.નં./૧૨૨૪ તા. ૭–૧૦–૧૧થી તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ,અરજદારને આપવામાં આવેલ મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપતા પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./ ૯૮ તા. ૫–૧૧–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપ, જુની. ઈજનેર એન. આર પટેલની રજા અંગેના તા. ૧૧–૮–૦૮ અને તા. ૧૮–૧૨–૦૮ ના રીપોર્ટની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૫–૧૦–૧૧ની અરજીથી અઠવાઝોન વિભાગના શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેર શ્રી નયન પટેલ ફરજ બાબતે મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન /અઠવાઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ.જે સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ /આઉટ/૧૨૨૪ તા. ૭–૧૦–૧૧થી નિયત સમય અવધિમાં અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી નારાજ થઈ તા. ૮–૧૧–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.વે.ઝોન (અઠવા) /આરટીઆઈ/ આ.નં./૯૮ તા. ૫–૧૧–૧૧થી મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) અઠવાઝોનના શહેર વિકાસમાં જુનિ.ઈજનેર તરીકે ફરજ બજાવતા નયન પટેલે તેમના અહીંના કાર્યકાળમાં કરેલ કામગીરીની વર્કબુકની(માસિક ડાયરીની) નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ માહિતી અઠવાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) નયન પટેલે ફરજકાળ દરમ્યાન ગેરકાયદે બાંધકામધારકોને જે જે નોટીસો આપી હોય તે નોટીસોની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ માહિતીના એ/૪ પાનાની નકલ પાના નંગ ૧૮ નકલદીઠ રૂપિયા ૨/– લેખે કુલ રૂપિયા ૩૬(અંકે રૂપિયા છત્રીસ પુરા)અઠવાઝોનના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો મેળવી શકશો.તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) તેમના ફરજકાળ દરમ્યાન દસ દિવસથી વધુની એકસાથે રજા ભોગવી હોય તો તે રજા સામે તમારા વિભાગમાં આવેલ રજા મંજુરીના પત્રની નકલ આપશો. તેવા પ્રશન બાબતે જાહેર

માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ માહિતીના એ/૪ સાઈઝના પાના નંગ ૨ પાનાદીઠ રૂપિયા ૨/– લેખે કુલ રૂપિયા ૪/–(અંકે રૂપિયા ચાર પુરા) અઠવાઝોનની ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો મેળવી શકશો. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી પુરી પાડયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ અત્રે રજૂ કરેલ છે તેમજ મજકુર કર્મચારીના રજાના રીપોર્ટની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. પરંતુ અરજદારે તે નકલો મેળવેલ છે કે કેમ ? તે અંગે બન્ને પક્ષકારો તરફથી કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,